# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન (ગુજરાતી માધ્યમ)

મુ.પો.બાબેન, અવધ લાઈફ સ્ટાઈલની સામે, બાબેન, તા.બારડોલી, જિ. સુરત. મો.9157644555

## घर से दूर और एक प्यारा सा घर

Kids Night Stay - Std : 3 To 5

સ્નેહી વાલીશ્રી,

નમસ્કાર...

બાળક એટલે ઉત્કંઠા અને જીજ્ઞાસાવૃત્તિનો સમન્વય. દરેક પળે સતત નવું જાણવાની તથા તે જોયા બાદ નવાઈ પામી તેની સુષુપ્ત શક્તિને ખીલવી માતા-પિતા અને શિક્ષકો દરેકને સતત કાલી ઘેલી ભાષામાં પ્રશ્ન પૂછી પોતાની જીજ્ઞાસાવૃત્તિ અને ઉત્કંઠા ઉજાગર કરે છે. આ હેતુને ધ્યાનમાં રાખી પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતા ધો. 3 થી 5 ના વિદ્યાર્થીઓ માટે એક દિવસના રાત્રિ રોકાણનું આયોજન કરવામાં આવ્યું છે તે આપ જાણો છો જેના દ્વારા બાળકો સ્વાવલંબી બને અને બાળકોની શારીરિક, માનસિક, બૌદ્ધિક તેમજ સામાજિક શક્તિનો વિકાસ થઈ તેની પ્રગતિને વેગ મળે છે. બાળક માતા-પિતાથી થોડું છૂટું પડે અને તેમનામાં નાનપણથી જ આત્મવિશ્વાસ કેળવાય એવી કેળવણી આપવાના ભાવ સાથે શાળામાં જ રાત્રિ રોકાણનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાત્રિ રોકાણ માટે સંમતી આપી બાળકને પ્રોત્સાહન આપવા બદલ અભિનંદન.....

## રાત્રિ રોકાણ અંગેની માહિતી

- રાત્રિ રોકાણ:- તા.08-02-2025 ને શનિવારના રોજ બપોરે 4:00 કલાકથી તા.09-02-2025 ને રવિવારના રોજ સવારે 09:00 કલાક સુધી.
- **બાળકો સાથે મોકલવાની વસ્તુઓ:** હાથ રૂમાલ, નેપકીન, ફૂલ નાઈટ ડ્રેસ, ઓઢવા માટે સાલ, ટૂથ બ્રશ, એક જોડી રંગીન કપડાં, જરૂર જણાય તો સ્વેટર, બાળક જો દવા લેતા હોય તો જરૂરી દવા. આ તમામ વસ્તુ નાની બેગ પર નામ લખીને બેગમાં મોકલવી. શક્ય હોય તો યોગા મેટ સાથે મોકલશો.
- 08-02-2025 ને શનિવારના રોજ ધો.3 થી 5 વિદ્યાર્થીઓને શાળામાં રજા રહેશે. પરંતુ જે બાળક રાત્રિ રોકાણમાં ભાગ લે તે બાળકના વાલીશ્રીએ તા. 08-02-2025 ને શનિવારના રોજ બપોરે 4 : 00 કલાકે શાળાના ગ્રાઉન્ડમાં વર્ગશિક્ષકને બાળક સોંપીને રિપોર્ટિંગ કરાવવાનું રહેશે. બાળકને મૂકી વાલીશ્રીએ પરત જવાનું રહેશે.
- બાળકે રંગીન કપડામાં આવવાનું રહેશે અને બાળકની અનુકુળતા મુજબ ચંપલ, સેન્ડલ કે શૂઝ પહેરીને આવવાનું રહેશે.
- તારીખ 09-02-2025 ને રવિવારના રોજ વાલીશ્રીએ બાળકને શાળા પરથી પરત લેવા માટે સવારે 09:00 કલાકે શાળાના ગ્રાઉન્ડમાં આવવાનું રહેશે અને ત્યાંથી વર્ગશિક્ષક પાસેથી બાળકને લેવાના રહેશે.

## -: રાત્રિ રોકાણ કાર્યક્રમની રૂપરેખા :-

- ❖ શાળામાં હાજર થવાની તારીખ અને સમય :- તા.08-02-2025 શનિવાર, સમય 4:00 pm (રીપોર્ટીંગ)
- ❖ શાળામાંથી ઘરે પરત લઈ જવાની તારીખ અને સમય તા.09-02-2025 રવિવાર, સમય 9:00 am
- ❖ Night Camp માં વાલીશ્રીએ બાળકને જાતે લેવા મુકવા આવવાના રહેશે

## દિવસ 01 : 08-02-2025, શનિવાર

| ક્રમ | સમય | વિગત | સ્થળ |
|---|---|---|---|
| 01. | 04:00 pm | વેલકમ ડ્રિંક્સ- લીંબુ શરબત, | શાળાનું ગ્રાઉન્ડ |
| 02. | 04:00 pm – 04:30 pm | બાળકે જે તે રૂમમાં સામાન મૂકવો | વર્ગખંડ |
| 03. | 04:30 pm – 05:00 pm | એન્જોઈમેન્ટ | શાળાનું ગ્રાઉન્ડ |
| 04. | 05:00 pm – 06:00 pm | ગ્રાઉન્ડની રમત | શાળાનું ગ્રાઉન્ડ |
| 05. | 06:00 pm – 06:30 pm | રીફ્રેશમેન્ટ (મકાઈની ભેલ) | શાળાનું પાર્કિંગ |
| 06. | 06:30 pm – 08:30 pm | કઠપૂતળી અને જાદુગર શો | શાળાનું ગ્રાઉન્ડ/ઓડીટોરિયમ |
| 07. | 08:30 pm – 09:30 pm | રાત્રિનું ભોજન | શાળાનું પાર્કિંગ |
| 08. | 09:30 pm – 10:30 pm | કેમ્પ ફાયર સાથે ડી.જે. | શાળાનું ગ્રાઉન્ડ |
| 09. | 10:30 pm | ફ્લેવર વાળું દૂધ | શાળાનું ગ્રાઉન્ડ |
| 10. | 10:30 pm – 12:00 am | મુવી | શાળાનું ગ્રાઉન્ડ |
| 11. | 12:00 am | સ્લિપિંગ ટાઈમ (શુભરાત્રિ) | વર્ગખંડ |

## દિવસ 02 : 09-02-2025, રવિવાર

| ક્રમ | સમય | વિગત | સ્થળ |
|---|---|---|---|
| 01. | 06:00 am | સુપ્રભાત | પ્રભાતિયાના સૂરે જાગવું . |
| 02. | 06:00 am – 07:00 am | હેપ્પી મોર્નિંગ | દૈનિક શૌચક્રિયા અને બ્રશ |
| 03. | 07:00 am – 07:30 am | સૂર્ય નમસ્કાર, ધ્યાન અને યોગા | શાળાનું ગ્રાઉન્ડ |
| 04. | 07:30 am – 08:00 am | સામાન પેકિંગ | વર્ગખંડ |
| 05. | 08:00 am – 08:30 am | નાસ્તો | શાળાનું પાર્કિંગ |
| 06. | 08:30 am – 09:00 am | ઘરે જવાની તૈયારી | શાળાનું ગ્રાઉન્ડ |
| 07. | 09:00 am | સમાપન | સુખની અનુભૂતિ સાથે વાલીશ્રીને હસતાં રમતાં બાળકોને સોંપવા. |

**નોંધ :- (1) બાળકોને સૂવડાવવા માટે રૂમની વ્યવસ્થા કરેલ છે. ગાદલાં અને ચાદરની વ્યવસ્થા કરેલ છે.**

**(2) બાળકોની દરેક પ્રવૃત્તિની સ્મૃતિ રહે તેથી ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની વ્યવસ્થા કરેલ છે.**

**(3) બાળકની પૂરતી દેખરેખ માટે પૂરતો સ્ટાફ પણ રાખવામાં આવેલ છે.**

**આચાર્યશ્રી**

**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન. (ગુ.મા.)**